## હરિની દૃષ્ટિ...

- હરિન ભટ્ટ




મોઘવારીથી ત્રાસીને મરવાનો ઇરાદો રાખ્યો હતો... હવે સ્મશાન ગૃહમાં જી.એસ.ટી વધ્યુ એટલે એ વિચાર પણ અમલમાં મુકી શકાય તેમ નથી...!!!

# શંકાશીલ પતિએ બાળક લઈ પત્નીને કાઢી મુકતાં અભયમ્‌ની ટીમ મદદે આવી

ગાંધીનગર, તા.૧૯

કલોલ તાલુકામાં રહેતા શંકાશીલ સ્વભાવના પતિએ અજાણ્યા વ્યકિતનો મોબાઈલ આવતા પિડીતા પર શંકા કરી મારઝુડ કરી ૧૩ માસના દિકરાને પોતાની પાસે રાખી પત્નીને ઘરમાંથી કાઢી મુક્યાની ઘટના સામે આવી છે. મળતી માહિતી મુજબ ગાંધીનગરના કલોલમાં રહેતા પતિના શંકાશીલ સ્વભાવના પગલે ઘર સંસારમાં તિરાડ પડી છે. આજ થી પાંચ વર્ષ અગાઉ સામાજીક રીતે લગ્ન કરીને પરિણિતા પતિ સાથે સાસરીમાં રહેવા માટે આવી હતી. લગ્નના પ્રારંભિક તબક્કો સુખમય રીતે પસાર થયો હતો. હાલ પરિણિતાને ૧૩ માસનો દિકરો છે. પરંતુ સમય જતા પતિ નાની નાની વાતમાં શંકા-વ્હેમ રાખી પત્નીને મારઝુડ કરતો હતો. પરિણિતાના પિયર મધ્યમ વર્ગનું અને નબળી પરિસ્થિતિ ધરાવતુ હોવાથી પોતાની સમસ્યા તેઓને જણાવતી ન હતી. પતિ એક દિવસ શંકાશીલ સ્વભાગ છોડી દેશે તેમ માની ત્રાસ સહન કરી રહી હતી. પરંતુ પતિ દિવસે ને દિવસે વધુ શંકાશીલ બનતો હતો.પરિણિતાને આસપાસમાં પણ કોઈની સાથે વાત કરવા દેતો ન હતો. પરિણિતા કોઈની સાથે વાત કરે તો પણ વ્હેમ રાખીને તેને માર મારતો હતો.

જેને પગલે પરિણિતાએ પતિના આ પ્રકારના સ્વભાવને પગલે ઘરની બહાર નીકળવાનું પણ બંધ કરી દીધુ હતું. બે દિવસ પહેલા પરિણિતાના મોબાઈલમાં કોઈ વ્યકિતનો રોંગ નંબર આવ્યો હતો. જેથી પતિએ શંકા રાખી પરિણિતાને માર માર્યો હતો. ત્યારબાદ કેટલીક વાર સુધી પરિણિતાએ ખુલાસા કર્યા હતા. તેમ છતા પતિના શંકાનું સમાધાન ન થતા ૧૩ માસના દિકરાને પોતાની પાસે રાખી પરિણિતાને કાઢી મુકી હતી. જેથી પરિણિતાએ ૧૮૧ અભયમ ટીમની મદદ માગી હતી. અભયમની ટીમ પરિણિતાને લઈ તેની સાસરીમાં જઈને તેના પતિ તેમજ સાસુ-સસરાને સમજાવી પરિણિતાને શારીરીક-માનસિક ત્રાસ કે હાથ ચાલાકી ન કરવા માટે સમજાવ્યા હતા. જયારે ટીમે કાઉન્સિલિગ કરીને પતિ-પત્નિની ગેરસમજ દુર કરી હતી. ત્યારબાદ તેણે દિકરો પરિણિતાને સોંપ્યો હતો. જયારે અભયમ ટીમે દંપતિ વચ્ચે સમાધાન કરાવી એક ઘર સંસાર તુટતો બચાવ્યો હતો.

## ખૂણેખાંચરેથી

- અધિક નિવાસી કલેક્ટરોની આજે કોરોના કાળ પછી લાંબા સમય બાદ કોન્ફરન્સ યોજાઈ હતી.
- ગાંધીનગર જિલ્લા પંચાયતમાં ચેરમેનના રાજીનામા પછી સન્નાટો જોવા મળતો હતો.
- જિલ્લા પંચાયતમાં એક બિલાડી તેના બે બચ્ચાને લઈ સલામતી સાથે સંકુલમાં ફરતી જોવા મળી હતી.
- જિલ્લા કલેક્ટરના અધ્યક્ષપદે આજે જિલ્લા લેન્ડ ગ્રેબીંગ કમિટીની બેઠક મળશે.
- કુડાસણની પ્રા. શાળાના ૬૦ બાળકો આજે સાયન્સસીટીની મુલાકાતે ગયા હતા.
- દહેગામના ધો. ૧૦ પાસ યુવકની ચાઈલ્ડ પોર્નોગ્રાફીમાં સંડોવણી હોવાની વિગતો બહાર આવતાં ચકચાર મચી જવા પામી છે.
- વાવોલ સ્થિત વૈદહી-૨ રેસિડેન્સી ખાતે દિકરી પૂજનનો કાર્યક્રમ યોજાયો હતો.
- કલોલ તાલુકા ઠાકોર સમાજના નવા હોદ્દેદારોનો એક સમારોહ યોજી સત્કાર કરવામાં આવ્યો હતો.
- સે. ૨૨ સ્થિત સ્વામિ. પોલીટેકનીકમાં વિજ્ઞાન ગુર્જરી દ્વારા ઉજવાઈ રહેલ સ્ટુડન્ટ્સ ઈનોવેશન ફેસ્ટીવલ અંતર્ગત માર્ગ સલામતિ સેમિનાર યોજવામાં આવ્યો હતો.
- મહારાષ્ટ્ર સમાજ ગાંધીનગર દ્વારા ૨૩મીના રોજ કોરોના વેક્સીનેશન કેમ્પનું આયોજન કરાયુ છે.

# સેકટર-૧૭ બાળસંભાળગૃહમાંથી એક બાળક ગુમ

### તાજેતરમાં કાલુપુર રેલ્વે સ્ટેશનથી બિનવારસી હાલતમાં બાળક મળી આવ્યો હતો

ગાંધીનગર,તા.૧૯

ગાંધીનગર શહેરના સેકટર-૧૭ સ્થિત બાળ સંભાળ ગૃહમાંથી બાળક નાસી જવાની ઘટના સામે આવી છે. બાળક ભાગી જવાનો સિલસિલો યથાવત રહેતા સૌ કોઈ ચોકીં ઉઠ્યા છે. ત્યારે સંસ્થામાં ફરીવાર વધુ એક બાળક દિવાલ કુદીને નાસી જવામાં સફળ થયો છે. સંસ્થામાં બાળકોની મેડીકલની તપાસ થઈ રહી હતી તે સમયે બાળક ગુમ હોવાની જાણ થઈ હતી.જયારે ઉત્તર પ્રદેશનું બાળક અમદાવાદ રેલ્વે સ્ટેશન ખાતેથી બિનવારસી મળી આવ્યું હતું. સમગ્ર બનાવ અંગે સંસ્થાના નિયામકે સેકટર-૨૧ પોલીસ મથકે અપહરણની ફરીયાદ નોંધાવી છે.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ શહેરના સેકટર-૧૭ માં આવેલા બાળ સંભાળ ગૃહમાંથી છેલ્લા એક વર્ષમાં ૧૦ થી વધુ બાળકો નાસી જવાના બનાવ વધી રહ્યા છે. સમાજ સુરક્ષા વિભાગની હેઠળ બાળ સંભાળ ગૃહ આવે છે. આ સંસ્થામાં ૬ થી ૧૮ વર્ષના બાળકોને રાખવામાં આવે છે. હાલમાં સંસ્થામાં ૧૯ બાળકોની સંભાલ લેવાઈ રહી છે. ત્યારે ૧૨ વર્ષનો એક બાળક ગુમ થઈ ગયો હોવાનું સંસ્થાના નિયામક મેહુલ તૈરેયાના ધ્યાને આવ્યું હતું.ગત તા.૧૫ જુલાઈના રોજ બાળસંભાળ ગૃહમાં રહેતા બાળકોની મેડીકલ તપાસ ચાલી રહી હતી. તે સમય દરમિયાન બાળક તેના બેરેકમાં મળી આવ્યું ન હતું. સીસીટીવી કેમેરા ચેક કરતા બાળક સીડબલ્યુસી કચેરીના દરવાજામાંથી બહાર નીકળી સંસ્થાનું કંમ્પાઉન્ડ કુદી નાસી ગયો હતો. આ બાળક કાલુપુર રેલ્વે સ્ટેશન ખાતેથી બિનવારસી મળી આવ્યો હતો.

ત્યારબાદ તેને બાળસંભાળ ગૃહ ગાંધીનગરમાં રાખવામાં આવ્યો હતો.ગુમ થનાર બાળક દિલ્હીનો છે,જયારે તેનુ વતન યુપીમાં ઈટાવા છે.

બનાવ અંગે અજાણ્યા શખ્સો સામે અપહરણનો ગુનો નોંધી આગળની તપાસ શરુ કરી છે.

# ટ્રાફિક નિયમોનું પાલન ન કરતા વાહનચાલકો સામે દંડનીય કાર્યવાહી

ગાંધીનગર,તા.૧૯

ગાંધીનગર શહેરમાં છેલ્લા કેટલાક સમયથી ટ્રાફિકની સમસ્યા વધી જવા પામી છે. ટ્રાફિકના નિયમોની ઐસી તૈસી કરી વાહનો હંકારતા વાહન ચાલકો નજરે પડે છે. શહેરમાં માર્ગ અકસ્માતમાં કેટલાક નિર્દોષ નાગરીકોએ જીવ ગુમાવ્યો છે. નગરમાં વધી રહેલા ટ્રાફિક અને નાગરીકોમાં ટ્રાફિક સેન્સના અભાવને પગલે થઈ રહેલા અકસ્માતોને પગલે ટ્રાફિક પોલીસ દ્વારા ખાસ બેઠકનું આયોજન કરવામાં આવ્યું હતું. આ બેઠકમાં પીઆઈ બી.એમ.દેસાઈએ ટ્રાફિક પોલીસ કર્મચારીઓ ઉદાસીન હોવાનું કહીને દરેક ટ્રાફિક જવાનોને સક્રિય થવા માટે સુચના અપાઈ છે. ત્યારે ટ્રાફિક વિભાગના જુના રેકોર્ડ તપાસીને તેના અનુસંધાને કામગીરી થતી નહી હોવાનું જણાવીને કામગીરીમાં સક્રિયતા દાખવવા પોલીસને સુચના આપી હતી. ગત વર્ષે જેટલા મેમો આપવામાં આવ્યા છે તેના અડધા કરતા પણ ઓછા મેમો અત્યાર સુધીમાં આપવામાં આવ્યા છે. જયારે શહેરમાં રોંગ સાઈડ, આડેધડ પાર્કિંગ, સહિત ટ્રાફિક નિયમોનું પાલન ન કરતા વાહન ચાલકો સામે કડક કાર્યવાહી કરવા આદેશ કરાયો છે.



સેક્ટર-૨૪માંથી સેક્ટર-૨૩માં જવાના માર્ગ વચ્ચે વરસાદી પાણી માટેની લાઈન નાંખવામાં આવી છે. આ લાઈનની ઉપર સિમેન્ટના બ્લોક્સ નાંખવામાં આવ્યા છે જે તુટી ગયા છે. થોડાક સમય પહેલાં જ બ્લોક્સ નાંખવામાં આવ્યા હતા પરંતુ નબળી ગુણવત્તાના કારણે તે તુટી ગયા છે.

# પોષણયુક્ત આહાર વિતરણ કાર્યક્રમ યોજાયો

ગાંધીનગર, તા. ૧૯

ટીબી મુક્ત ભારત-૨૦૨૫ અંતર્ગત ટીબીના દર્દીઓને પોષણયુક્ત આહાર આપવામાં આવે તો તેઓમાં ટીબી મુક્ત થવાની પ્રક્રિયામાં વધારો જણાઈ આવે છે. આમ પોષણયુક્ત આહાર જરૂરીયાતમંદ ટીબીના દર્દીઓને મળે તે અનુસંધાને આરોગ્ય શાખા, ગાંધીનગર મહાનગરપાલિકા દ્વારા ગ્રીન એગ્રો ઈન્ડસ્ટ્રીઝ, ગાંધીનગરના સહયોગથી ૨૫ ટીબીના દર્દીઓને પોષણયુક્ત આહારની કીટ વિતરણ કાર્યક્રમ રાખવામાં આવેલ હતો. જેમાં મેયર, ડેપ્યુટી મેયર, સ્ટેન્ડીંગ ચેરમેન હાજર રહેલ હતા તેમજ મહાનુભાવોના હસ્તે કિટનું વિતરણ કરવામાં આવેલ. આ કીટ એક ટીબીના દર્દીને ૧ મહીના સુધી પોષણયુક્ત આહાર પૂરો પાડે તે રીતે બનાવવામાં આવેલ છે.

આ પ્રસંગે મેયર દ્વારા વડાપ્રધાન દ્વારા આપવામાં આવેલ સંદેશ ''ટીબી હારેલા, દેશ જીતેગા'' અંતર્ગત ટીબીના દર્દીઓને શોધીને ટીબી મુક્ત કરવા જણાવવામાં આવેલ તેમજ ટીબીના દર્દીઓને પોષણયુક્ત આહાર મળી રહે તે અંતર્ગત ભારત સરકારના 'કોમ્યુનીટી સપોર્ટ ટુ ટીબી પેશન્ટ' કાર્યક્રમ અંતર્ગત સ્વૈચ્છીક સંસ્થાઓ, ઉદ્યોગગૃહો તથા સરકારી સંસ્થાઓ અને અગ્રગણ્ય વ્યક્તિઓ દ્વારા સહકાર મળી રહે અને આ અભિયાનમાં જોડાવા માટે અપીલ કરવામાં આવી છે.

# શ્રી ગાયત્રી વિદ્યામંદિર લીહોડા ખાતે મહેંદી અને કેશ ગુંથણ સ્પર્ધા યોજાઈ



ચિલોડા, તા. ૧૯

દહેગામ તાલુકાની લીહોડા ખાતે આવેલ શ્રી ગાયત્રી વિદ્યામંદિર ખાતે ગૌરીવ્રત નિમિત્તે શાળાની વિદ્યાર્થીનીઓ માટે મહેંદી અને કેશ ગુંથણ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યુ હતુ. આ સ્પર્ધામાં પ્રથમ ત્રણ નંબર મેળવનાર વિદ્યાર્થીનીઓને ઈનામ અને પ્રમાણપત્ર આપવામાં આવશે. તેવુ શાળાના આચાર્ય બહેચરભાઈ ચૌધરીએ જણાવ્યુ હતુ.

# ગાંધીનગર ખાતે ૨૩મીથી ૨૯મી સુધી શક્તિ મેળો યોજાશે

**આ શક્તિ મેળામાં ૭૫ જેટલી મહિલા ઉઘમીઓ ભાગ લેશે : તા.૨૩મી જુલાઇના રોજ સાંજે ૫ કલાકે આ મેળાનો શુભારંભ**

ગાંધીનગર, તા. ૧૯

ગુજરાત મહિલા આર્થિક વિકાસ નિગમ લિ. દ્વારા તા. ૨૩ થી ૨૯મી જુલાઈ, ૨૦૨૨ દરમ્યાન શક્તિ મેળો-૨૦૨૨ ''The Power of Women's Economy''નું આયોજન ગાંધીનગરના સેકટર-૭ લગ્નવાડી હોલમાં કરવામાં આવ્યું છે. કોવિડ-૧૯ની મહામારીના કારણે રાજયના આ ક્ષેત્રના મહિલા કારીગરોના ધંધા- રોજગાર મંદ પડ્યા હતા. તેમને સરકાર દ્વારા એક ડગલુ આત્મનિર્ભરતા તરફ લઈ જવાના પગલારૂપે આ મેળાનું આયોજન કરવામાં આવ્યું છે. આવા કારીગરો રોજગારી મેળવી રાબેતા મુજબ જીવન પંથે આગળ વધે તેવા ઉમદા આશયથી મહિલા આર્થિક વિકાસ નિગમ લિ. દ્વારા ગાંધીનગરના આંગણે આ શક્તિ મેળાનું આયોજન કરવામાં આવ્યું છે. તા. ૨૩મી જુલાઈ, ૨૦૨૨ના રોજ સાંજના ૫ કલાકે આ શક્તિ મેળાનો શુભારંભ થશે. આ મેળો તા. ૨૯મી જુલાઈ, ૨૦૨૨ સુધી ખુલ્લો રહેશે. આ મેળામાં રાજયની ૭૫ જેટલી ઉધ્ધમી મહિલાઓ સહભાગી બનનાર છે. આ મેળામાં પ્રદર્શન સહ વેચાણ કરવામાં આવશે. ગ્રામીણ ગરીબ મહિલાઓને પ્રોત્સાહન મળે તે હેતુથી અનુકૂળ ચીજ વસ્તુઓની ખરીદી કરવા ગુજરાત મહિલા આર્થિક વિકાસ નિગમ લિ. દ્વારા નગરજનોને અનુરોધ કરવામાં આવ્યો છે.

# પુન્દ્રાસણ ખાતે અરિહંત આર્ટ કોમ્યુનિકેશન દ્વારા જન જાગૃતિ અંગેનો કાર્યક્રમ યોજાયો




ગાંધીનગર, તા. ૧૯

જિલ્લા માહિતી કચેરી ગાંધીનગર દ્વારા ગાંધીનગર તાલુકાના પુન્દ્રાસણ ગામે અરિહંત આર્ટ કોમ્યુનિકેશન સંસ્થાના કલાકાર પૂજા લખાવરા, નીતિન શાહ, મુકેશ જાની, મહર્ષી અને મનોજ લખવારા દ્વારા સુંદર મજાનું નાટક રજૂ કર્યુ હતુ. જેમાં વંદે માતરમ ગુજરાત, અંતર્ગત નલ સે જલ યોજના, પ્રાકૃતિક ખેતી, અટલ ભુજલ યોજના, સેવાસેતુ, બાળ પોષણ અને સ્વચ્છતા ત્યાં પ્રભુતા અંતર્ગત વિવિધ સરકારશ્રીની લાભાન્વિત યોજનાની માહિતી પુરી પાડી હતી. આ કાર્યક્રમમાં પુન્દ્રાસણ ગામના સરપંચ પુનાજી ઠાકોર, તાલુકા ડેલીકેટ ભુપતભાઈ તેમજ ગ્રામજનોએ વિશેષ લાભ લીધો હતો.

# ઘ-૬ પાસે એસીબીની અદાવત રાખી શખ્સ પર હુમલો

ગાંધીનગર,તા. ૧૯

શહેરના ઘ-૬ પાસે ગતસાંજના સુમારે એસીબીની અદાવત રાખી બે ગાડીમાં આવેલા ૧૦ જેટલા શખ્સોએ ગાડીમાં બેઠેલા શખ્સ પર હુમલો કર્યો હતો. હુમલાખોરોએ ગાડીના કાચ ધોકા મારી તોડી ગાડીમાં સવાર શખ્સને આંખના ભાગે ધોકો વાગતા ઈજા પહોંચી હતી.

જયારે કારમાંથી શખ્સને બહાર નીકાળવા માટે ઝપાઝપી કરતા શખ્સની સોનાની વીટી પણ પડી ગઈ હતી. જયારે શખ્સે હિંમતનગરના નથ્થુ દેસાઈ સહિત ૯ વ્યકિત સામે સેકટર-૨૧ પોલીસ મથકે ફરીયાદ નોંધાઈ છે. ત્યારે ફરીયાદીએ એક વર્ષ અગાઉ વિરમ દેસાઈ વિરુધ્ધમાં અપ્રમાણસર મિલકત અંગે એસીબીમાં કરેલી ફરીયાદ અન્વયે અદાવત રાખી આ હુમલો કર્યો હોવાનો આક્ષેપ કર્યો છે.

જયારે સેકટર-૪ બી પ્લોટ નં.૩૩૫-૨ ખાતે રહેતા પ્રવિણભાઈ સાકાભાઈ દેસાઈ પોતાની ગાડી નંબર જી.જે.૧૮.બી.જે.૩૪૫૫ લઈને સેકટર-૨૧ થી સેકટર-૨૮ તરફ જઈ રહ્યા હતા. ત્યારે સાંજના સમયે ઘ-૬ થી ઘ-૭ વચ્ચે બે ગાડી આગળ આવીને ઉભી રહી ગઈ હતી અને ૧૦ જેટલા શખ્સોએ પ્રવિણભાઈ પર અને ગાડી પર ધોકા અને લાકડી વડે હુમલો કર્યો હતો.

જેમાં પ્રવિણભાઈને આંખના ભાગે ઈજા પહોંચતા સારવાર માટે લઈ ગયા હતા.જયારે સાજના સમયે ઝઘડો થતા પોલીસ અને આસપાસના નાગરીકો દોડી આવતા હુમલાખોરો નાસી ગયા હતા.

# પાણી પુરવઠા વિભાગના ''મક્કમ સરકાર અડીખમ વિકાસ ગાથા''પુસ્તકનું વિમોચન

ગાંધીનગર, તા. ૧૯

રાજયની વિકાસગાથાને આગળ ધપાવતાં આ સમયગાળા દરમિયાન પાણી પુરવઠા અને જળસંપતિ મંત્રી ઋષિકેશ પટેલના સબળ નેતૃત્વ અને મંત્રી જીતુભાઇ ચૌધરીના સીધા માર્ગદર્શન હેઠળ વિભાગ દ્વારા કરવામાં આવેલી કામગીરીની ઝાંખી રજૂ કરતા ''મક્કમ નિર્ધાર, અડીખમ વિકાસ ગાથા'' પુસ્તકનું મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલના હસ્તે વિમોચન કરવામાં આવ્યું હતુ.

સ્વર્ણિમ સંકુલમાં આયોજિત પુસ્તિકા વિમોચન કાર્યક્રમમાં રાજ્ય સરકારના કેબિનેટ મંત્રી, રાજયકક્ષાના મંત્રી, મુખ્ય સચિવ પંકજકુમાર સહિત વરિષ્ઠ સચિવો ઉપસ્થિત રહ્યા હતા. પાણી પુરવઠા વિભાગ દ્વારા તૈયાર કરાયેલ આ પુસ્તકમાં ગુજરાતમાં થયેલ જળક્રાંતિની વિગતો જેમાં રાજ્યના ગ્રામીણ વિસ્તારોના ૯૬ ટકા કરતા પણ વધારે ઘરોમાં નળ જોડાણ સંપન્ન થયું. જેમાં ખાસ કરીને ૧૦ મહિનાના ટૂંકા ગાળામાં પાણી પુરવઠા વિભાગે યુધ્ધના ધોરણે કામગીરી કરીને ૫૨૧૮ ગામોના ૭.૭૦ લાખ ઘરોને નળ જોડાણથી જોડ્યા છે.

અત્રે નોંધનીય છે કે વડાપ્રધાનના વરદ હસ્તે ૪.૫ લાખ લાભાર્થીઓને લાભાન્વિત કરતી અસ્ટોલ જુથ પાણી પુરવઠા યોજના રૂ. ૫૮૬ કરોડના ખર્ચે દાહોદ અને છોટાઉદેપુર જિલ્લાના ૩૪૩ ગામો, ૨ શહેર અને ૧૩૮૯ ફળિયાઓને પીવાલાયક પાણી પહોંચાડતી DDSA (દક્ષિણ દાહોદ સધર્ન એરિયા) યોજના રૂ. ૮૪૦ કરોડના ખર્ચે તૈયાર કરવામાં આવી છે.

પાણી પુરવઠા વિભાગના આ પુસ્તકમાં પાણી પુરવઠા વિભાગના કાર્યો, સંસાધનો અને આયોજનનું સર્વગ્રાહી વ્યવસ્થાપન કરવા તથા માનવ સંશાધનો, ફરીયાદ નિવારણ, ફાયનાન્સ અને સ્ટોર ઈન્વેન્ટરીનું મોનીટરીંગ થાય અને જલ જીવન મિશનના કાર્યો પૂર્ણ કરતા તેમજ સતત મોનીટરીંગ થાય તે માટે તૈયાર કરાયેલ ઈ.આર.પી. સોફ્ટવેરની કામગીરી પણ દર્શાવવામાં આવી છે.

# ઈસનપુરની સીમમાં બોરકુવા પરથી જુગારધામ ઝડપાયું

### ચિલોડા પોલીસે ૧૦ જુગારીઓને રૂ.૮૪ હજારથી વધુના મુદ્દામાલ સાથે ઝડપી પાડ્યા

ગાંધીનગર, તા.૧૯

ગાંધીનગરના ઈસનપુર મોટા ગામ થી સાણોદ તરફ જતા માર્ગ પર શંકરભાઈ શીવાભાઈ પટેલના બોરકુવાની ઓરડી પાસે ખુલ્લી જગ્યામાં ધમધમતા જુગારધામ પર ચિલોડા પોલીસે દરોડો પાડી જુગાર રમતા ૧૦ શકુનીઓને રૂ.૮૪ હજારથી વધુના મુદ્દામાલ સાથે પકડી પાડી જુગારધારા હેઠળ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. સુત્રો દ્વારા મળતી વિગત મુજબ શ્રાવણ માસને ગણતરીના દિવસો બાકી રહ્યા છે. ત્યારે ગાંધીનગર શહેર-જિલ્લામાં જુગારની મૌસમ પુરબહારમાં ખીલી હોય તેમ લાગી રહ્યું છે. જયારે પોલીસની વિવિધ ટીમો દરોડો પાડી જુગારીઓને પકડી રહી છે. ત્યારે ચિલોડા પોલીસ મથકના જવાનો પેટ્રોલીંગમા હતા. તે સમયે ઈસનપુર મોટા ગામ આવતા પોલીસને ખાનગી રાહે બાતમી મળી હતી કે ઈસનપુર થી સાણોદા તરફ જવાના રોડ પર શંકરભાઈ શિવાભાઈ પટેલના બોરકુવા પર કેટલાક શખ્સો જુગાર રમી રહ્યા છે. જેથી પોલીસે બાતમીવાળી જગ્યાએ રેઈડ પાડતા જુગારીઓમાં ભાગદોડ મચી જવા પામી હતી. પોલીસે તમામ જુગારીઓને કોર્ડન કરી પકડી પાડ્યા હતા.

પોલીસે જુગારીઓના નામ પુછતા ઈસનપુર મોટા ગામના પ્રજાપતિ વાસ ખાતે રહેતા ૩૮ વર્ષિય રોહિત રમણભાઈ પ્રજાપતિ, ઈસનપુર મોટા ગામના ઘુઘરીયા વાસ ખાતે રહેતા ૩૦ વર્ષિય હાર્દિક કાળીદાસ પટેલ, સેકટર-૨૯ પ્લોટ નં.૬૫૨-૧ ખાતે રહેતા ૩૮ વર્ષિય ઈલીયાસ ગનીભાઈ મનસુરી , ઘુઘરીયો વાસ ખાતે રહેતા ૩૭ વર્ષિય જીગ્નેશ શંકરભાઈ પટેલ, ગામના ચના ટેકરીવાળા વાસ ખાતે રહેતા ૨૩ વર્ષિય વિધાન ઉર્ફે બીટ્ટુ મહેશભાઈ પટેલ, મુખી વાસ ખાતે રહેતા ૪૨ વર્ષના પ્રકાશ મહેશ પટેલ, સેકટર-૨૯ પ્લોટ નં.૪૦૦-૨ ખાતે રહેતા ૩૫ વર્ષના ઈરફાન ઈબ્રાહીમ મનસુરી, પેથાપુર રીવર ફલેટ ખાતે રહેતા ૩૩ વર્ષના ઈમરાન ઈકબાલ મનસુરી, જયારે ઘુઘરીયાવાળા વાસ ખાતે રહેતા ૩૪ વર્ષના તુષારભાઈ ઉર્ફે રામજી કાળીદાસ પટેલનો સમાવેશ થાય છે. જુગારીઓની અંગજડતી અને દાવ પરથી મળી કુલ રૂ.૫૩,૧૩૦ તેમજ મોબાઈલ નંગ-૮ કિં.રૂ.૩૧,૫૦૦ મળી કુલ રૂ.૮૪,૬૩૦ નો મુદ્દામાલ કબ્જે કરી તમામ સામે જુગારધારા હેઠળ ગુનો નોંધી ચિલોડા પોલીસે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

**ઈ-ટેન્ડરીંગ જાહેર નિવિદા**
**વર્ષ - ૨૦૨૨-૨૩**
**ગાંધીનગર મહાનગરપાલિકા**
**બહુમાળી ભવન, બી બ્લોક, પ્રથમ માળ, સેક્ટર-૧૧, ગાંધીનગર**

ગાંધીનગર મહાનગરપાલિકા ખાતે નીચે દર્શાવેલ ટેન્ડર મુજબના કામે પ્રતિષ્ઠિત એજન્સીઓ પાસેથી ઠરાવેલ ઈ-ટેન્ડરોમાં ભાવો મંગાવવામાં આવે છે.

| ટેન્ડર નંબર | કામનું નામ | ટેન્ડર ફી | ઈ.એમ.ડી. |
|---|---|---|---|
| ૭૪/૨૦૨૨-૨૩ | Renovation work of existing anganwadi for Kolwada, Randheja, Vavol and Pethapur Gandhinagar municpal Corporation | રૂ. ૩,૬૦૦/- | રૂ. ૨,૩૬,૭૭૫/- |

ટેન્ડર ફોર્મ તા. ૨૦/૭/૨૦૨૨ થી તા. ૧૦/૮/૨૦૨૨ સુધી સમય ૧૭:૦૦ કલાક સુધી ઓનલાઈન વેબસાઈટ www.nprocure.com પરથી ડાઉનલોડ કરી ઓનલાઈન ભરી શકાશે.

ટેન્ડર બીડના જરૂરી આધાર માટેના તમામ ડોક્યુમેન્ટ ઓનલાઈન ઈલેક્ટ્રોનિક ફોર્મેટમાં સ્કેન કરી મોકલવાના રહેશે. ટેકનીકલ બીડ અને ટેન્ડર ફી ની રકમ તથા ઈ.એમ.ડી.ના ડીમાન્ડ ડ્રાફ્ટ નાયબ મ્યુનિસિપલ કમિશનરશ્રીના નામે તા. ૧૨/૮/૨૦૨૨ થી તા. ૧૮/૮/૨૦૨૨ સમય ૧૭:૦૦ કલાક સુધીમાં કચેરીએ રજીસ્ટર પોસ્ટથી મોકલવાના રહેશે તે પ્રમાણે જે ઓફરો મળેલ હશે તે જ ખોલવામાં આવશે.

ઓનલાઈન ઓપનીંગ તા. ૨૦/૮/૨૦૨૨ કરવામાં આવશે.

સહી/-
મ્યુનિસિપલ કમિશનર
ગાંધીનગર

માહિતી/૯૦૯/૨૨-૨૩

